

# હત્યારા પાખંડી સાધુ ૮ લોકોના હત્યારા સાથે રહેતી મહિલા ભેદી રીતે ગુમ

અમરેલીઃ રાજુલાના છતડીયામા આઠ-આઠ લોકોની ઘાતકી હત્યા કરનારો શખ્સ સાધુનો વેશ ધારણ કરીને રહેતો હોવાનુ ખુલતા આ વિસ્તારની ધર્મપ્રેમી જનતા પણ આંચકો ખાઇ ગઇ છે. વાચાળ સ્વભાવના આ શખ્સે ટુંકાગાળામા નેતાઓ, અધિકારીઓ અને સાધુ સંતો સાથે ઘરોબો કેળવ્યો હતો. તેની સાથે રહેતી મહિલા પણ પાછલા કેટલાક દિવસથી રહસ્યમય રીતે ગાયબ થઇ ગઇ હોય અનેક તર્કવિતર્ક થઇ રહ્યાં છે. હરિયાણાના હિસાર જિલ્લાના બરવાળાના પુર્વ ધારાસભ્ય રેલુ રામ પુનીયા તેની પત્ની સહિત આઠ પ રીજનોની તેના જ જમાઇ સંજીવ અને પુત્રી સોનીયાએ તિક્ષણ હથિયારોથી ઘાતકી હત્યા કર્યા બાદ બંને જેલમા ધકેલાયા હતા અને આજીવન કેદની સજા પડી હતી. જેલમાથી પેરોલ પર છુટી નાસી ગયેલો સંજીવ રાજુલા નજીક આશ્રમમા સાધુ બનીને રહેતો હતો જેને અંબાલા પોલીસે મેરઠમાથી ઝડપી લીધો હતો. રાજુલાથી માત્ર એક કિમી દુર આવેલા છતડીયામા વીસેક વર્ષ જુના ખડેશ્વરીબાપુના આશ્રમમા આ શખ્સ પાછલા કેટલાક સમયથી મહંત તરીકે રહેતો હતો.

### ખેડૂત આંદોલનને લઇને BTP અધ્યક્ષ છોટુ વસાવાએ કહ્યું

# ‘મોદી કોર્પોરેટ સેક્ટરના ગુલામ છે, એટલે જ આંદોલનનો નિકાલ આવતો નથી, રાજકારણમાં વિસ્ફોટ થશે’

## મનસુખ એ સુખ નથી નર્મદા અને ભરૂચનું એ દુ:ખ છે, એનું નામ જ મનસુખ છે : છોટુ વસાવા



### અંબાજીથી ઉમરગામ સુધી આદિવાસી બેલ્ટ પર BTP ચૂંટણી લડશે

MLA મહેશ વસાવાએ પણ વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધી આદિવાસી બેલ્ટ પર BTP ચૂંટણી લડશે આ અમારી સેમી ફાઈનલ છે, ત્યાર બાદ આ તમામ જગ્યાએ વિધાનસભાની ચૂંટણીમાં અમે ઉમેદવારો પણ ઉતારીશું પ્રજા જાણે છે. કોણ આદિવાસીઓ હિતેચ્છુ છે.

વડોદરા, તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવતા જ ભરૂચ નર્મદા જિલ્લા BTP અને ભાજપના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભાજપના સાંસદ મનસુખ વસવા અને BTPના છોટુવસાવા સામસામે આક્ષેપ પ્રતિ-આક્ષેપ કરી રહ્યા છે, જેથી રાજકારણ ગરમાઈ રહ્યું છે. BTPના અધ્યક્ષ અને ધારાસભ્ય છોટુ વસાવાએ ખેડૂત આંદોલન મુદ્દે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી કોર્પોરેટ સેક્ટરના ગુલામ છે, એટલે એનો નિકાલ થતો નથી અને આ આંદોલનનો નિકાલ નહીં આવે તો રાજકારણમાં વિસ્ફોટ થશે, જે રીતે ભારતમાં જે કોંગ્રેસની હાલત થઈ છે, એજ હાલત ભાજપની પણ થવાની છે કારણ કે, કોંગ્રેસના જ બધાને ભાજપમાં લઈ લે છે કારણ કે, ભાજપ માને છે કે કોઈ વિપક્ષ રહેવો ન જોઈએ તમે પણ આવો અને આપણે બધા ભેગા મળી આ દેશને લૂંટી લઈએ, એવું દેશમાં રાજકારણ ચાલી રહ્યું છે.

### ભાજપે ભારતીમેળો ચાલુ કર્યો છે પણ બેરોજગારોની ભરતી કરાતી નથી

તાજેતરમાં હાલ BTPએ AIMIM સાથે ગઠબંધન કરતા રાજકીય ભૂકંપ આવ્યો છે, ત્યારે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ BTP અને AIMIM ગાડાં છે કહીને BTP પર પ્રહાર કર્યાં હતા, ત્યારે BTPના છોટુ વસાવા એ તો મનસુખ વસાવા પર સ્લોગન બનાવી પ્રહાર કર્યાં છે. છોટુ વસાવાએ કહ્યું હતું કે, મનસુખભાઈ જ એક દુઃખ છે, મનસુખ એ સુખ નથી નર્મદા અને ભરૂચનું એ દુઃખ છે, એનું નામ જ મનસુખ છે. સાથે છોટુભાઈ વસાવાએ ભાજપ પર પ્રહાર કરતા જણવ્યું હતું કે, ભાજપે ભારતીમેળો ચાલુ કર્યો છે. બેરોજગારોની ભરતી કરાતી નથી થતી પણ રાજકીય બેરોજગારોની ભરતી ચાલુ કરી છે, જે રીતે રાજ થવું જોઈએ એ રીતે થતું નથી, ત્યારે ખેડૂત આંદોલન વિષે પણ કહ્યું કે, આજે કિસાનોના આંદોલનના ૮૦ દિવસ થવા આવ્યા પણ ઉકેલ સરકાર લાવતી નથી

# સુરતમાં ફાયર સેફટીના અભાવના કારણે અડાજણના શ્રીજી આર્કેડની ૩૯૨ દુકાનો સીલ

### બાંહેધરી બાદ ૩ નોટિસ આપવા થતાં ફાયર સેફટી ઉભી ન કરી




### નોટિસો-એફિડેવિટ થતા ફાયર સેફટી ઊભી ન કરી

સુરતમાં તક્ષશિલા, રઘુવીર માર્કેટમાં આગની ઘટનાઓ અને અમદાવાદ, વડોદરા, રાજકોટમાં આગની ઘટનાઓને પગલે ફાયર વિભાગ દ્વારા સુરત શહેરની હજારોની સંખ્યામાં ફાયર સેફટીની નોટિસો આપવામાં આવી હતી. ત્યાર બાદ નોટિસો સામે ફાયર સેફટી ઊભી કરવા માટે એફિડેવિટ પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

સુરત, તા.૧૦

સુરતમાં આગ જેવી દુર્ઘટનાઓને પહોંચી વળવા પાલિકા દ્વારા કડક હાથે કામગીરી કરવાનું શરૂ કર્યું છે. શહેરમાં આગની બનતી દુર્ઘટનાઓને રોકવા અને પહોંચવી વળવા ફાયરબ્રિગેડ દ્વારા અગાઉ નોટિસ ફટકારવામાં આવી હોય છે. છતાં પણ ફાયર સેફટી ઉભી ન કરાતા અડાજણમાં આવેલા શ્રીજી આર્કેટની ૩૯૨ દુકાનો સીલ કરી દેવામાં આવી છે. અડાજણ વિસ્તારમાં આવેલા શ્રીજી આર્કેટમાં આ પહેલા પણ નોટિસ આપી સીલ માર્યા હતા. ત્યારે ફાયર સેફટી ઉભી કરવાની બાંહેધરી આપવામાં આવી હતી. જોકે, ત્યારબાદ પણ ફાયર સેફટી ઉભી કરી ન હતી.

દરમિયાન ફાયર વિભાગ વધુ ત્રણ નોટિસ આપી હતી. છતાં ફાયર સેફટી ઉભી ન કરતા આજે વહેલી સવારે ૫ અધિકારી અને ૨૮ ફાયર જવાનો દ્વારા શ્રીજી આર્કેડની ૩૯૨ દુકાનોને સીલ મારી દીધું હતું.

# મકાન આગ લાગતા અફરાતફરી મંદિરમાં કરેલી અગરબત્તીના તણખાંથી આગ લાગી હોવાનું અનુમાન

### ૩૦ મિનિટમાં ફાયર વિભાગે ભારે જેહમત ઉઠાવી આગ કાબૂમાં લીધી

સુરત, તા.૧૦

સુરત શહેરના વેડરોડ રિવર પાર્ક સોસાયટીના એક મકાનમાં આગ અચાનક આગ ફાટી નીકળતા પરિવાર બુમાબૂમ સાથે દોડતું થઈ ગયું હતું. ઘટનાની જાણ બાદ સોસાયટીમાં અફરાતફરી નો માહોલ જોવા મળ્યો હતો. દેવસ્થાન મંદિર માં કરેલી અગરબત્તીના તણખાંને લઈ આગ લાગ્યાનું અનુમાન કરાઈ રહ્યું છે. વહેલી સવારે સર્જાયેલી આ આગની દુર્ઘટનામાં ઘર વખરીનો તમામ સમાન બળીને ખાખ થઈ ગયો હતો.

### સુરતમાં ઓવર સ્પીડથી વાહન ચલાવતા ચાલકોને પકડવા માટે છ પોઇન્ટ ગોઠવાયા, ૬ બાઈક અને ૨ કાર કબજે

સુરત, તા.૧૦

શહેરભરના કેટલાક એવા વિસ્તારો છે કે જેમાં યુવાનો ઓવર સ્પીડથી બાઈક ચલાવતા હોય છે. તેના કારણે અન્ય રાહદારીઓ અને વાહનચાલકોના જીવો પર પણ જોખમ તોળાતું હોય છે. સુરત શહેરમાં ઓવર સ્પીડથી વાહન ચલાવતા ચાલકોને પકડવા માટે છ પોઈન્ટ ગોઠવાયા છે. જે અલગ અલગ વિસ્તારના છે અને અલગ અલગ પોઈન્ટ બદલતા રહેશે. જેમાં પોલીસે ૬ બાઈકો અને ૨ કાર કબ્જે કરી ૩૦૮ મુજબ ગુનો નોંધ્યા છે.

સુરતના પોશ વિસ્તાર અઠવાગેટ, પાર્લે પોઈન્ટ અને રાંદેર જેવા વિસ્તારોમાં વાહનચાલકો રેસ લગાવતા હોય છે. યુનિવર્સિટી રોડ પર પણ બાઈક પર રેસ કરતા યુવાનો જોવા મળતા હોય છે. બેફામ રીતે ઓવર સ્પીડથી બાઈક ચલાવવાના કારણે ઘણી વખત અકસ્માતમાં અન્ય વાહન ચાલકોએ પોતાનો જીવ ગુમાવવાનો પણ વખત આવે છે.

## ARUNIS ABODE LIMITED

**(Formerly known as M. B. Parikh Finstocks Limited)**
**CIN: L70100GJ1994PLC021759**
**Regd. Office:** Desai House, Survey No.2523, Coastal Highway, Umersadi, Killa Pardi, Valsad , Gujarat - 396125.
**Mobile No.:** +91-70456 77788; +91-91678 69000 ; **Email:** corporate@mbpfin.com ; **Website:** www.mbpfin.com

**Extract of Un-audited Financial Results for the quarter and nine months ended 31st December, 2020**

(₹ in Lakhs) Except EPS

| Particulars | Three months ended 31.12.2020 (Unaudited) | Three months ended 31.12.2019 (Unaudited) | Nine months ended 31.12.2020 (Unaudited) |
|---|---|---|---|
| 1 Total Income from Operations | 36.87 | 41.59 | 97.26 |
| 2 Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 31.65 | 33.80 | 72.92 |
| 3 Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 31.65 | 33.80 | 72.92 |
| 4 Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 18.97 | 33.80 | 66.93 |
| 5 Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 18.97 | 33.80 | 66.93 |
| 6 Equity Share Capital | 300.00 | 300.00 | 300.00 |
| 7 Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - |
| 8 Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| 1. Basic: | 0.63 | 1.13 | 2.23 |
| 2. Diluted: | 0.63 | 1.13 | 2.23 |

**Note:**
1. The above is an extract of the detailed format of Un-audited Financial Results for the quarter and nine months ended 31st December, 2020 filed with Stock Exchange under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said Financial Results are available on the website of the Stock Exchange at www.bseindia.com and on the Company's website at www.mbpfin.com
2. The above Un-audited Financial Results were reviewed by the Audit committee and approved by the Board of Directors at their meetings held on 10th February, 2021 and the Statutory Auditors of the Company have carried out 'Limited Review' of the same.

**For Arunis Abode Limited**
**(formerly known as M. B. Parikh Finstocks Limited)**
**Sd/-**
**Dhara D. Desai**
**Managing Director**
**DIN - 02926512**

**Place : Mumbai**
**Date : 11th February, 2021**

## પંજાબ નૈશનલ બૈંક punjab national bank

pnb | Oriental | United

**સર્કલ સસ્ત્રાઃ છઠ્ઠો માળ, ગુજરાત ભવન, એલીસબ્રીજ, આશ્રમરોડ, અમદાવાદ.**
**ફોનઃ ૦૭૯-૨૬૫૮૫૩૮૧ / ૯૪૧૩૩૬૦૨૩૬ (શ્રી રાજુ રામ જાખર) / ૯૬૩૦૭૨૯૫૨૫ (શ્રી નીરજ ગૌર)**
**ઈ-મેલઃ cs4517@pnb.co.in**

## તારીખ ૦૫.૦૩.૨૦૨૧ ના રોજ સ્થાવર મિલકતોના વેચાણ માટેની જાહેર નોટીસ

**સ્થાવર મિલકત વેચવા માટેની વેચાણ નોટીસ**

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઈ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ.

જાહેર જનતાને સામાન્ય રીતે અને વિશેષ રીતે દેણદાર(રો) તેમજ જામીનદાર(રો)ને અત્રે નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સ્થાવર મિલકત કે જે સિક્યોર્ડ લેણદારને ગિરવે રાખેલ/ચાર્જ કરેલ છે અને પંજાબ નેશનલ બેંક/સિક્યોર્ડ લેણદાર ના અધિકૃત અધિકારી દ્વારા કન્સ્ટ્રક્ટીવ/પ્રત્યક્ષ/સાંકેતિક કબજો લેવામાં આવ્યો છે, તે જેમ છે જ્યાં છે અને જે છે તે ના આધારે પંજાબ નેશનલ બેંકે નીચે ઉલ્લેખ કરેલ દેણદાર(રો) ગીરોદાર(રો) તેમજ જામીનદાર(રો) પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચવામાં આવશે. રિઝર્વ કિંમત અને ઈએમડી સંબંધિત મિલકત સામેના ખાતામાં જમા કરાવાની રહેશે.

**ઈ-હરાજીની તારીખ અને સમયઃ તારીખઃ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે**

**ઈએમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમયઃ ૦૪.૦૩.૨૦૨૧ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી**

**નિરીક્ષણની તારીખ અને સમયઃ તારીખઃ ૦૩.૦૩.૨૦૨૧ (બપોરે ૧૨:૦૦ થી ૪:૦૦)**

**સુરક્ષિત મિલકતોનું વર્ણન**

| લોટ નં. | શાખા નું નામ / એકાઉન્ટનું નામ / કરજદાર/જામીનદારોનું એકાઉન્ટ નામ અને સરનામું | અચલિત મિલકતોની વિગતો ગીરોદાર/માલિકોના નામ (ગીરો મિલકતો) | (ઈ) સરફેસી એક્ટ ૨૦૦૨ના ૧૩(૨) અંતર્ગત ડિમાન્ડ નોટીસ તારીખ (એફ) બાકી રકમ (જી) સરફેસી એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૪) અંતર્ગત કબજા તારીખ (એચ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/કન્સ્ટ્રક્ટીવ | એ) રીઝર્વ કિંમત (રૂા. લાખમાં) બી) ઈએમડી (રૂા. લાખમાં) સી) બીડ વધારવાની રકમ | ઈ-હરાજીની તારીખ / સમય | સિક્યોર્ડ ક્રેડિટરની જાણમાં હોય તેવા બોજાની વિગતો |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | શ્રી ચંપાલાલ માલજી સોની અને શ્રીમતી ટીનાદેવી ચંપાલાલ સોની પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ. | રહેણાંક ગીરો મૂકેલ મિલકત, ફ્લેટ નં. ઈ-૪૦૭, મંગલમૂર્તિ રેસીડેન્સી, ન્યુ મણીનગર, નારોલ, અમદાવાદ. બીલ્ટ-અપ એરીયા ૫૫.૭૩ ચો.મી. એટલે કે ૬૬.૬૫ ચો.વાર વેચાણ ખત મુજબ. **(માલિકઃ શ્રી ચંપાલાલ સોની)** | ઈ) ૦૪.૦૭.૨૦૧૬ એફ) રૂા. ૧૨,૯૦,૯૨૫.૦૦ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૨૮.૧૨.૨૦૧૭ એચ) સાંકેતિક | એ) ૧૧.૦૦ લાખ બી) ૧.૧૦ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૨ | શ્રી રમેશ વૈથ્યાનંદન મુદાલીયર પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ફ્લેટ નં. ૧/૩ ક્ષેત્રફળ ૨૭.૫૩ ચો.મી., ગ્રાઉન્ડ ફ્લોર, જે બીલ્ડીંગ ઓમનગર થી જાણીતી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ટી.પી. સ્કીમ નં. ૨૭, ફાઈનલ પ્લોટ નં. ૫૩૬, ગામ/મૌજેઃ બાગે-ફીરદોસ, તાલુકાઃ સીટી, રજીસ્ટ્રેશન જીલ્લો અમદાવાદ, પેટા જીલ્લો અમદાવાદ-૭ (ઓઢવ) ખાતે આવેલ મિલકતનો ભાગ અને હીસ્સો. **(માલિકઃ શ્રી રમેશ વૈથ્યાનંદન મુદાલીયર)** | ઈ) ૦૫.૦૨.૨૦૨૦ એફ) રૂા. ૧૨,૦૧,૭૨૬.૨૫ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૦૧.૦૭.૨૦૨૦ એચ) સાંકેતિક | એ) ૧૧.૦૦ લાખ બી) ૧.૧૦ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૩ | શ્રી રમેશ વૈથ્યાનંદન મુદાલીયર પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ફ્લેટ નં. જી/૨૦૫, (બ્લોક-જી, ફ્લેટ નં. ૨૦૫) ક્ષેત્રફળ ૧૩૦ ચો.વાર એટલે કે ૧૦૮.૬૯ ચો.મી. સુપર બીલ્ટ-અપ એરીયા, બીજા માળે, તેની સાથે સ્કીમની સરખા ભાગની અવિભાજીત જગ્યા સાથે કોમન સુવીધાઓનો ઉપયોગ કરવાનો અધિકાર, શ્રેય એક્ઝોટીકા, સર્વે નં. ૭૫૩, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૧૧૪ (વસ્ત્રાલ-રામોલ) મા સમાયેલ અને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૬, મોજે (સીમ) વસ્ત્રાલ, તાલુકા-સીટી (પૂર્વ), રજીસ્ટ્રેશન જીલ્લો અમદાવાદ, પેટા જીલ્લો અમદાવાદ-૧૨ (નીકોલ) **(માલિકઃ શ્રી રમેશ વૈથ્યાનંદન મુદાલીયર)** | ઈ) ૦૭.૦૨.૨૦૨૦ એફ) રૂા. ૧૮,૬૮,૪૫૯.૮૦ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૧૮.૦૭.૨૦૨૦ એચ) સાંકેતિક | એ) ૨૩.૦૦ લાખ બી) ૨.૩૦ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૪ | રોશની સંદીપ યેમુલવર પીએનબીઃ શાખા અસલાલી, અમદાવાદ. | ધંધાકિય દુકાન નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, વાડીલાલ ચેમ્બર્સ, સીટી સર્વે નં. ૩૪૫૬/૨ ની જમીન પર બાંધકામ, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૫, ફાઈનલ પ્લોટ નં. ૨૮ પૈકી મોજ ખાડીયા-૨, તાલુકા સીટી રજીસ્ટ્રેશન જીલ્લો અમદાવાદ અને પેટા જીલ્લો અમદાવાદ. ક્ષેત્રફળઃ ૧૧૦ ચો.ફૂટ. **(માલિકઃ શ્રીમતી રોશની સંદીપ યેમુલવર અને શ્રી સંદીપ એચ. યેમુલવર)** | ઈ) ૧૯.૦૮.૨૦૧૫ એફ) રૂા. ૧૪,૪૧,૩૯૫.૦૦ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૧૨.૦૧.૨૦૧૬ એચ) સાંકેતિક | એ) ૮.૪૨ લાખ બી) ૦.૮૪ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૫ | શ્રીમતી ડેનીશા અજયભાઈ ચોકસી અને શ્રી અજયભાઈ પનુભાઈ ચોકસી પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | સમાન ગીરો મૂકેલ ફ્લેટ નં. ૮, પહેલા માળે, આકાંક્શા એપાર્ટમેન્ટ, રેલ્વે ક્રોસીંગ પાસે, મીરા એપાર્ટમેન્ટ પાછળ, વેજલપુર, અમદાવાદ. ક્ષેત્રફળ ૧૧૨.૮૮ ચો.મી. પેટા પ્લોટ નં. ૧૩ અને ૧૪ પર બાંધકામ, આલોક કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લિમિટેડ, સર્વે નં. ૪૩૪, ૪૩૯/૨ અને ૪૪૦/૧ પૈકી ટી.પી. સ્કીમ નં. ૩, એફ.પી. નં. ૨૭૨, ૨૮૨ અને ૨૮૩ પૈકી, મોજે વેજલપુર, તાલુકા વેજલપુર, રજીસ્ટ્રેશન જીલ્લો અને પેટા જીલ્લો અમદાવાદ ખાતે આવેલ મિલકત. **(માલિકઃ શ્રીમતી ડેનીશા અજયભાઈ ચોકસી અને શ્રી અજયભાઈ પનુભાઈ ચોકસી)** | ઈ) ૦૧.૧૧.૨૦૧૯ એફ) રૂા. ૧૫,૬૭,૭૮૬.૦૦ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૧૬.૦૧.૨૦૨૦ એચ) સાંકેતિક | એ) ૪૭.૩૦ લાખ બી) ૪.૭૩ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૬ | શ્રીમતી પટેલ કંચનબેન નવનીતભાઈ પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ફ્લેટ નં. ૫, પહેલા માળે, અંજની એપાર્ટમેન્ટ, રામજી મંદિર સામે, ઈન્ડીયા કોલોની રોડ, ઠક્કરનગર, અમદાવાદ. ક્ષેત્રફળ ૭૨.૭૭ ચો.મી. **(માલિકઃ પટેલ કંચનબેન નવનીતભાઈ)** | ઈ) ૦૪.૦૯.૨૦૧૯ એફ) રૂા. ૧૮,૦૨,૧૩૯.૬૧ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૩૦.૧૧.૨૦૧૯ એચ) સાંકેતિક | એ) ૨૨.૨૦ લાખ બી) ૨.૨૩ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૭ | શ્રી દીપકભાઈ ભાનુપ્રસાદ ત્રીવેદી પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ફ્લેટ નં. એચ/૨૩, બીજા માળે, સાતેજ હોમ્સ, શાન-૩ પાસે, વટવા, અમદાવાદ. નવો સર્વે નં. ૧૪૨૮/૧/૨, (જુનો સર્વે નં. ૧૪૨૮/૧), એફ.પી. નં. ૩૪૫/૨/પી, એસ.પી. નં. ૧, બ્લોક-એચ, ટી.પી.એસ. ૧૨૮, મૌજે વટવા, તાલુકા/જીલ્લો અમદાવાદ. ક્ષેત્રફળ ૪૮.૧૪ ચો.મી. **(માલિકઃ શ્રી દીપકભાઈ ભાનુપ્રસાદ ત્રીવેદી)** | ઈ) ૧૧.૦૧.૨૦૧૯ એફ) રૂા. ૬,૪૩,૮૯૭.૨૫ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૧૬.૦૪.૨૦૧૯ એચ) સાંકેતિક | એ) ૧૧.૦૯ લાખ બી) ૧.૧૧ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૮ | શ્રી બાલક્રિષ્ના કાંતિલાલ પટેલ પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ટેનામેન્ટ નં. બી/૧૪, સાનીધ્ય રેસીડેન્સી, એસબીઆઈ મીથલી શાખા સામે, ધોળકા-બાવળા રોડ, ધોળકા-૩૮૨૨૨૫. ટોટલ જમીન એરીયા ૯૪.૦૦ ચો.મી. **(માલિકઃ શ્રી બાલક્રિષ્ના કાંતિલાલ પટેલ)** | ઈ) ૧૧.૦૧.૨૦૧૬ એફ) રૂા. ૧૦,૨૨,૦૮૯.૦૦ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૨૨.૦૮.૨૦૧૯ એચ) સાંકેતિક | એ) ૯.૬૧ લાખ બી) ૦.૯૬ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૦૯ | વિનોદ છોટાલાલ કોષ્ટી પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ફ્લેટ નં સી-૫૦૫, વૈદેહી રેસીડેન્સી, સુર્યમ ગ્રીન પાછળ, વસ્ત્રાલ આરટીઓ, વસ્ત્રાલ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૦૦૩૮. ટોટલ એરીયા ૫૫.૮૮ ચો.મી., બીલ્ટ-અપ એરીયા ૫૫.૧૬ ચો.મી. **(માલિકઃ શ્રી વિનોદ છોટાલાલ કોષ્ટી)** | ઈ) ૨૧.૦૮.૨૦૧૯ એફ) રૂા. ૧૧,૬૧,૦૪૧.૨૫ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૧૯.૧૧.૨૦૧૯ એચ) સાંકેતિક | એ) ૧૨,૫૭ લાખ બી) ૧.૨૬ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |
| ૧૦ | મે. પેરેડાઇઝ એન્ટરપ્રાઇઝ પીએનબીઃ સર્કલ સસ્ત્રા, અમદાવાદ | ખુલ્લો પેટા પ્લોટ નં. ૧/બી, ક્ષેત્રફળ ૬૨.૨૦ ચો.વાર એટલે કે ૫૨.૦૦ ચો.મી. આનંદ પાર્ક સોસાયટી, સર્વે નં. ૧૫૬+૧૫૫-સી પૈકી, પ્લોટ નં. ૧ પૈકી અને સીટી સર્વે નં. ૧૯૯૩ પૈકીનો ખુલ્લો પ્લોટ, ગામઃ નરોડા, તાલુકા સીટી રજીસ્ટ્રેશન જીલ્લો અમદાવાદ અને પેટા જીલ્લો અમદાવાદ-૬ (નરોડા) **(માલિકઃ શ્રીમતી દયાબેન એન. જેઠાની)** | ઈ) ૦૫.૦૫.૨૦૧૮ એફ) રૂા. ૭૨,૫૨,૦૯૫.૫૨ + આગળનું વ્યાજ – વસૂલાત જો હોય તો જી) ૨૬.૦૯.૨૦૧૮ એચ) સાંકેતિક | એ) ૩૯.૭૨ લાખ બી) ૩.૯૮ લાખ સી) ૦.૧૧ લાખ | તારીખ ૦૫.૦૩.૨૦૨૧ સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ | જાણમાં નથી |

**ઈ-હરાજીના નિયમો અને શરતોઃ વેચાણ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨માં આપેલ તથા અહીં નીચે દર્શાવેલ નિયમો અને શરતોને આધીન થશે.**

**(૧)** હરાજી વેચાણ પોર્ટલ http://www.mstcecommerce.com પર “ઈ-હરાજીથી ઓનલાઈન” થી કરવામાં આવશે. **(૨)** ઈચ્છુક બીડરો/ખરીદદારોને પોર્ટલ પર પોતાના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને નામ રજિસ્ટર કરવા વિનંતી છે, વધુમાં, તેમને જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવા વિનંતી છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર દ્વારા એકવાર કેવાયસી દસ્તાવેજોની ચકાસણી થઈ જાય (બે કામકાજ દિવસ લાગે) કે ઈચ્છુક બીડરો/ખરીદદારોએ ઈ-હરાજીની તારીખ અને સમય અગાઉ ઓનલાઈન માધ્યમથી પોતાના ગ્લોબલ ઈએમડી વૉલેટમાં ઈએમડી રકમ ટ્રાન્સફર કરાવવાની રહેશે. કેવાયસી દસ્તાવજોના રજિસ્ટ્રેશન, ચકાસણી અને ઈએમડી જમા કરાવવાનું હરાજી પોર્ટલ પર વહેલામા વહેલી તકે પૂરૂ કરવાનું રહેશે. **(૩)** ઉપર જણાવ્યા મુજબની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) ની રકમ (http://www.mstcecommerce.com) થી ચલણ બનાવીને ઓનલાઈન ૩ માધ્યમ થી એટલે કે નેફ્ટ/રોકડા/ટ્રાન્સફર દ્વારા બીડર ગ્લોબલ ઈએમડી વૉલેટમાં જમા કરાવવાના રહેશે. નેફ્ટ ટ્રાન્સફર કોઈપણ શેડ્યૂલ કોમર્શિયલ બેંક મારફતે થઈ શકશે પણ રોકડા/ટ્રાન્સફર માટે પંજાબ નેશનલ બેંકની શાખામાં જવાનું રહેશે. ઈએમડી ચેક જેવી બીજી રીતથી સ્વીકારવામાં આવશે નહી. જે બીડરો ઈએમડી ઓનલાઈન જમા નહીં કરાવી શકે તેઓને ઈ-હરાજીમાં ભાગ લેવાની પરવાનગી નહીં મળે. અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઈ વ્યાજ નહી મળે. **(૪)** ઈ-હરાજી માટે પ્લેટફોર્મ (http://www.mstcecommerce.com) ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર મે. એમએસટીસી લિમિટેડ, રજિ. ઓફિસઃ ૨૨૫-સી, એ.જે.સી. બોઝ રોડ, કોલકતા-૭૦૦૦૨૦ (સંપર્ક ફોન અને ટોલ ફ્રી નંબરઃ ૦૭૯-૪૧૦૭૨૪૧૨ / ૪૧૧ / ૪૧૩ અથવા ૧૮૦૦-૧૦૩-૫૩૪૨) છે. ઈચ્છુક બીડરો/ખરીદદારોએ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ http://www.mstcecommerce.com પર ઈ-હરાજી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. આ સર્વિસ પ્રોવાઈડર પોર્ટલ પર ઈ-હરાજી પર ઓનલાઈન ડેમોસ્ટ્રેશન/તાલીમની જોગવાઈ પૂરી પાડશે. **(૫)** વેચાણ નોટિસમાં આપેલ વેચાણના સામાન્ય શરતો અને નિયમો નીચેની વેબસાઈટ/વેબપેજ પોર્ટલ પર ઉપલબ્ધ/પ્રકાશિત થયેલ છે. (૧) http://www.ibapi.in (૨) http://www.mstcecommerce.com/. (૩) http://www.pnbindia.in **(૬)** ઈ-હરાજીમાં ભાગ લેવા ઈચ્છુકો આ હરાજી સાથે સંબંધિત વેચાણ નોટિસ, ઈ-હરાજીના નિયમો અને શરતો, ઈ-હરાજીના ઓપરેશનલ હિસ્સા પર હેલ્થ મેન્યુઅલી e-Bक्रय-IBAPI પોર્ટલ (http://www.ibapi.in) પરથી નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકે છે. **(૭)** ઈચ્છુક બીડરો/ખરીદદારને પોર્ટલ (http://www.mstcecommerce.com) પર પોતાના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીના નામ રજિસ્ટર કરવા વિનંતી છે. વધુમાં, તેમને જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવા વિનંતી છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર દ્વારા એકવાર કેવાયસી દસ્તાવેજોની ચકાસણી થઈ જાય (૨ કામકાજના દિવસ લાગે) કે ઈચ્છુક બીડરો/ખરીદદારોએ ઈ-હરાજીની તારીખ અને સમય અગાઉ ઓનલાઈન માધ્યમથી પોતાના ગ્લોબલ ઈએમડી વૉલેટમાં ઈએમડીની રકમ ટ્રાન્સફર કરાવવાની રહેશે. વૉલેટમાં પૂરતી ઈએમડી જમા હશે તો જે રસ ધરાવતા બીડર હરાજીની તારીખે બીડ કરી શકશે. **(૮)** બીડીંગ સમયે બીડરના ગ્લોબલ વૉલેટમાં પૂરતું બેલેન્સ (>=EMD Amount) હોય તે જરૂરી છે. **(૯)** ઈ-હરાજી દરમિયાન બીડરોને ઈન્ટર-સે બીડીંગમાં છેલ્લે ક્વોટ થયેલ બીડ કરતાં વધારે ઊંચી બીડ બોલવાની છૂટ રહેશે અને બીડની રકમમાં બીડરના છેલ્લામાં છેલ્લા ઊંચા બીડ કરતા ઓછામાં ઓછો રૂા. ૧૧,૦૦૦/- થી વધારો થઈ શકશે. બીડરોને સક્સેસિવ હાયર બીડ લગાવવા માટે ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે અને જો કોઈ બીડર તરફથી હાયર બીડ આવશે નહીં તો છેલ્લા હાઈએસ્ટ બીડ પછીની ૧૦ મિનિટ પત્યા પછી ઈ-હરાજી પૂરી કરવામાં આવશે. **(૧૦)** ઈચ્છુક બીડર(રો)ની એ જવાબદારી રહેશે કે હરાજી સાથે સંબંધિત વેચાણ નોટિસ, ઈ-હરાજીના નિયમો અને શરતો, ઈ-હરાજીના ઓપરેશનલ હિસ્સા પર હેલ્પ મેન્યુઅલ વગેરે સારી રીતે વાંચે અને તે અનુસાર પાલન કરે. (૧) ઈ-હરાજી અગાઉ કે તે દરમિયાન કોઈ તકલીફ પડે કે સહાયની જરૂર હોય તો ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરના અધિકૃત અધિકારીનો સંપર્ક કરે જેની વિગતો ઈ-હરાજી પોર્ટલ (http://www.mstcecommerce.com) પર આપેલી છે. **(૧૧)** અધિકૃત અધિકારી દ્વારા ઈ-હરાજી પૂરી થયેથી, માત્ર સફળ બીડરને અમારા ઉપરોક્ત સર્વિસ પ્રોવાઈડર દ્વારા એસએમએસ/ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે. (તેમણે આપેલા/સર્વિસ પ્રોવાઈડર પાસે રજિસ્ટર થયેલા મોબાઈલ નંબર / ઈ-મેઈલ એડ્રેસ પર) **(૧૨)** રિઝર્વ કિંમતથી ઓછી કિંમતે મિલકત વેચી શકાશે નહીં. **(૧૩)** સફળ બીડરે બીડની ૨૦% રકમ ઈએમડી બાદ કરીને એ જે દિવસે અથવા તરતના કામકાજી દિવસથી મોડું નહીં તેમ જમા કરાવવાની રહેશે અને બાકીની ૭૫% રકમ હરાજીની તારીખથી દિન ૧૫માં શડ્યૂલ કોમર્શિયલ બેંક માંથી અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક એકાઉન્ટ (ખાતાનું નામ) ની તરફેણમાં બેંકર્સ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને ભરી દેવી. આપેલ સમયમાં રકમ જમા કરાવવામાં કસૂર થયેલી સફળ બીડર દ્વારા જમા કરાવેલ રકમ બેંક જપ્ત કરી લેશે અને અધિકૃત અધિકારીને નવેસરથી મિલકતની હરાજી/વેચાણ યોજનાની છૂટ રહેશે અને કસૂરવાર ખરીદદારનો જપ્ત કરેલ રકમ કે મિલકત પર કોઈ દાવો ચાલશે નહીં. **(૧૪)** સફળ બીડર દ્વારા વેચાણ કિંમતની ચૂકવણી બેંકને આવકવેરા ધારા ૧૯૬૧ના સેક્શન ૧૯૪-૧એ મુજબ થશે અને સફળ બીડની રકમની બાકીની ૭૫% રકમ / બીડની પૂરેપૂરી રકમ જમા કરાવતી વખતે જે ટીડીએસ કરાવવાનો રહેશે. **(૧૫)** અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વગર, કોઈપણ ઓફર સ્વીકારવાનો કે જો અસ્વીકાર્ય લાગે તો તમામ ઓફરોને નકારવાનો કે પાછું ઠેલવવાનો/રદ કરવાનો/એડજર્ન/બંધ રાખવાનો કે હરાજીની શરતોમાં કોઈ પણ સમયે ફેરફાર કરવાનો અધિકાર સુરક્ષીત રાખે છે અને આ અંગે એમનો નિર્ણય આખરી ગણાશે. **(૧૬)** આખીય વેચાણ કિંમત ચૂકવ્યા પછી કાયદાની જોગવાઈ મુજબ સફળ બીડરની તરફેણમાં એક વેચાણ સર્ટિફિકેટ આપવામાં આવશે. **(૧૭)** મિલકતોનું જેમ છે જે છે તે છે અને જે કાંઈ ત્યાં છે ના આધારે વેચાણ થશે. **(૧૮)** સૂચિમાં આપેલ સિક્યોર્ડ અસ્ક્યામતોની માહિતી અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ જાણકારી મુજબ દર્શાવેલ છે. છતાં અધિકૃત અધિકારી આ જાહેરાતમાં કોઈપણ ભુલ, ગેરનિવેદન કે બાકી રહી જતું હોય તો જવાબદાર રહેશે નહીં. **(૧૯)** બીડરની એ જવાબદારી રહેશે કે બીડ જમા કરાવતા અગાઉ મિલકત અને તેના સ્પેસિફિકેશનો અંગે નિરીક્ષણ કરીને ખાત્રી કરી લે. બીડર આપેલ વિગતો મુજબ સંબંધિત અધિકારીની સલાહ લઈને મિલકતનું નિરીક્ષણ કરે. **(૨૦)** તમામ સ્ટેચ્યુટરી એટેન્ડન્ટ ચાર્જીસ અન્ય તમામ ડ્યૂઝ જેમકે રજિસ્ટ્રેશન ચાર્જીસ, સ્ટેમ્પ ડ્યૂટી, વેરા વગેરે ખરીદદારે ચૂકવવાના રહેશે. **(૨૧)** અધિકૃત અધિકારી કે બેંક ઈ-હરાજીમાં મૂકાયેલ મિલકતના સંદર્ભમાં કોઈ ચાર્જ, લિયન, કરભારણ કે સરકારી અથવા બીજા કોઈનાં અન્ય લેણાં વિશે જવાબદાર રહેશે નહિં. ઈચ્છુક બીડરને સલાહ છે કે મિલકત પરના સ્ટેચ્યુટરી લાયેબિલિટીઝ, મિલકતવેરો કે વીજળી બિલ ચૂકવવાના બાકી હોય વગેરે સહિતના કરભારણ વિશે પોતાની રીતે સ્વતંત્ર રીતે તપાસ કરાવી લે. **(૨૨)** બીડરે યોગ્ય ઈન્ટરનેટ કનેક્ટિવિટી, પાવર બેક-અપ વગેરેની ખાત્રી કરી લેવી. બેંક ઈન્ટરનેટ ફેલ્યર કે ટેકનિલક કારણોસર કે કંટિજન્સીસને લીધે ઈ-હરાજીને કોઈપણ પ્રકારની દખલ થાય તે માટે જવાબદાર રહેશે નહીં. **(૨૩)** બેંક પોતાનો પ્રતિનિધિ નીમીને જાતે બીડ કરે અને હરાજીમાં ભાગ લઈ શકે છે. વેચાણના નિયમો અને શરતોની વિગતવાર માહિતી માટે http://www.ibapi.in, http://www.mstcecommerce.com/, http://www.pnbindia.in જુઓ.

**તારીખઃ ૧૨.૦૨.૨૦૨૧ | સ્થળઃ અમદાવાદ** — **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત લેણદાર**

**સરફેસી કાયદો ૨૦૦૨ હેઠળ નિયમ ૮(૬) મુજબ સ્ટેચ્યુટરી વેચાણ નોટીસ**

દેવાદાર/જામીનદાર/ગીરોદાર ને બોલી રજૂ કરવાની છેલ્લી તારીખ એટલે કે ૦૪.૦૩.૨૦૨૧, સાંજે ૫:૦૦ વાગ્યા સુધી અથવા તે પહેલા વ્યાજ અને ખર્ચાઓ સહિત ઉપર જણાવેલ માંગણની રકમ ચૂકવવા માટે અહિં સૂચીત કરવામાં આવે છે. તેમ કરવામાં નિષ્ફળ થશે તો ઉપરોક્ત વેચાણ નોટીસ મુજબ મિલકત વેચવામાં આવશે.